# અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે માસમાં ડેન્ગ્યુના ૪૦ કેસ

## જિલ્લામાં તમામ ડેન્ગ્યુ અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા ફોગીંગ સહિતની કામગીરી વેગવંતી બનાવાઈ

મોડાસા, તા. ૨૨ અરવલ્લી જિલ્લામાં મોડાસા સહિતના વિવિધ વિસ્તારમાં છેલ્લા નવ માસમાં નોંધાયેલા ૭૧ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસો પૈકી બે માસમાં ૪૦ જેટલા કેસો નોંધાવા પામ્યા છે. જેમાં આજરોજ મોડાસા તાલુકાના મોટી ઈસરોલના ત્રીસ વર્ષીય યુવકને ડેન્ગ્યુ પોઝીટીવ આવતા તેને સારવાર અર્થે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

છેલ્લા નવ માસમાં જિલ્લામાં નોંધાયેલ ૭૧ ડેન્ગ્યુના કેસો પૈકી એકલા મોડાસા તાલુકામાં જ ૪૭ જેટલા શંકાસ્પદ કેસ છેલ્લા નવ માસમાં નોંધાયા છે. તેમાં અત્યાર સુધીમાં ૪૩ને સારવાર આપી રજા આપવામાં આવી છે. જેમાં આજરોજ મોડાસા તાલુકાના મોટી ઈસરોલના ત્રીસ વર્ષીય યુવાનને ડેન્ગ્યુ પોઝીટીવ આવતાં જિલ્લામાં અત્યાર સુધીમાં આ સાથે ડેન્ગ્યુ પોઝીટીવના ત્રણ કેસ નોંધાવા પામ્યા છે.

અલબત્ત, જિલ્લા ડીએમઓ ગોસ્વામીને પુછતાં તેમણે જણાવ્યું કે અત્યાર સુધીમાં નોંધાયેલા આ કેસોમાં એક પણ કેસમાં ડેન્ગ્યુને કારણે મરણ થયાનું નોંધાયું નથી. દરમિયાન તેમણે જણાવ્યુ કે મોડાસા તાલુકા અને જિલ્લામાં મળી આવેલા ડેન્ગ્યુ અસરગ્રસ્ત વિસ્તારોમાં ફોગીંગ સહિતની તમામ સારવારની કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા પુરી કરવામાં આવી છે. મોડાસા બીએચઓ નાયકના જણાવ્યા મુજબ તાલુકામાંથી મળી આવેલા ૪૭ જેટલા શંકાસ્પદ કેસોને ધ્યાને લઈ ૨૦ થી વધુ અને ગુરૂ શિબિરો યોજીને લોક જાગૃતિના કાર્યક્રમો આપવામાં આવ્યા છે અને ગત નવરાત્રી દરમિયાન પણ આ અંગે લોકોમાં વિશેષ જાગૃતિ લાવવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા.





પાલનપુરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિરની અર્લિ ચાઈલ્ડહુડ એજ્યુકેશન આંબાવાડી કેમ્પસ બાલમંદિર ખાતે રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બાલમંદિરના ભુલકાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં બાળકોએ વિવિધ ભાત, રંગ, દેખાવ, અને વિવિધ કલાત્મક વસ્તુઓના ઉપયોગથી ગણપતિ, સાથિયા, કાર્ટૂન, દિવા, ફૂલ વગેરે કુદરતી ચીજવસ્તુઓ દ્વારા નયનરમ્ય રંગોળી પુરી હતી. શાળાના આચાર્ય દિપાબેન પંચાલ, શિક્ષક ઈલાબેન મેવાડા, દર્ષિતાબેન ટીલવાણી સહીત સ્ટાફે બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતુ.

## ડીસામાં સોમવારે વ્યક્તિત્વ અને કૌશલ્ય વિકાસ સેમિનાર યોજાશે

આજના બદલાતા જતાં યુગમાં લક્ષ્ય, દિશા, માર્ગ અને મંઝીલ સુધી પહોંચાડવાના શુભ આશય સાથે એશિયા ખંડમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતી બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને ઉત્તર ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થા ડીસા એ.પી.એમ.સી. (માર્કેટયાર્ડ)ના ચેરમેન માવજીભાઈ દેસાઈના સૌજન્યથી તા. ૨૪ ઓક્ટોબરને સોમવારના રોજ સવારે ૯ થી સાંજના ૫ કલાક સુધી વંદના પાર્ટી પ્લોટ, રાજમંદિર સિનેમાની બાજુમાં, ડીસા ખાતે વ્યક્તિત્વ અને કૌશલ્ય વિકાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજીવ ભલાણી વક્તા તરીકે હાજર રહી યુવાનોને લક્ષ સુધી કઈ રીતે પહોંચવું તે અંગે માર્ગદર્શન આપશે. તો આ વ્યક્તિત્વ અને કૌશવ્ય વિકાસ સેમિનારમાં ભાગ લેવા ઈચ્છુક યુવક-યુવતિઓએ માર્કેટયાર્ડ, મુખ્ય કચેરી ડીસા ખાતે તા. ૨૩ ઓક્ટોબરને રવિવારે સાંજે ૭ કલાક સુધી રજીસ્ટ્રેશન કરાવી પાસ મેળવી લેવા અનુરોધ કરાયો છે.

## પોશીના દેમતીનવાઘરા ગામમાં જનેતાને ડાકણ સમજી મોતને ઘાટ ઉતારી

પોશીના તાલુકાના દેમતીનવાઘરા ગામમાં જનેતા ઉપર પુત્રએ ડાકણનો વહેમ રાખી પુત્રએ જનેતાને મોતને ઘાટ ઉતારતાં પોશીના પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ખેરોજ પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ પોશીના તાલુકાના દેમતીનવાઘરા ગામના પીન્ટુભાઈ ફાંગણાભાઈ બુંબડીયા (પરમાર)એ જનેતા જમકુબેન ફાંગણાભાઈ બુંબડીયા (પરમાર) આશરે ઉંમર. વર્ષ-૫૦ હતી.પુત્રએ જનેતા ઉપર ડાકણનો વહેમ રાખી માથાના ભાગે પથ્થરો મારી માથું છુંદી નાખી જનેતાને મારી નાખતા ચકચાર મચી જવા પામી છે.

## ‘તારક મહેતાના ઉલ્ટા ચશ્મા’ના સુંદરના આગમનથી મોડાસામાં એક કલાક ચક્કાજામ

મોડાસા, તા. ૨૩ મનોરંજક સીરીયલ તારક મહેતાના ઉલ્ટા ચશ્માના કલાકાર જેઠાલાલનો સાળો સુંદર(મયુર વાકાણી) શુક્રવારની સવારે મોડાસા એક ઉદ્‌ઘાટન પ્રસંગે આવતા ન્યાય મંદિર સુધીના માર્ગ ઉપર એક કલાક સુધીના ચક્કાજામમાં જીલ્લાના ઉચ્ચકક્ષાના



અધિકારીઓથી માંડી પોલીસના વાહનો પણ અટવાયા હતા.

તારક મહેતાના ઉલ્ટા ચશ્માના કલાકાર, દયાભાભીનો ભાઈ અને મયૂર વાકાણી (સુન્દર) મોડાસા ખાતે એક ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં આવતા જોવા ઉમટી પડેલી ભારે ભીડથી માલપુર રોડ ઉપર ચક્કાજામની સ્થિતિ સર્જાતા પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓના વાહનો પણ અટવાયા હતા.

નગરના કલ્યાણ ચોકથી કલાકારને જોવા ઉમટી પડેલી ભારે ભીડના કારણે નગરના માલપુર રોડ ઉપર ચક્કાજામની સ્થિતિ સર્જાઇ હતી. શાળા અને ઓફીસ સમયે સર્જાયેલી ચક્કાજામની સ્થિતિથી વાહન ચાલકો અને રાહદારીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો હતો.

મોડે મોડે સ્થળ ઉપર પહોંચેલી ટાઉન પોલીસે વાહન વ્યવહાર રાબેતા મુજબ કર્યો હતો. મોડાસા નગરના માલપુર રોડ ઉપર સુંદર (મયુર વાકાણી)ના આગમન વેળાએ ચક્કાજામની સ્થિતિ સર્જાતા વાહન ચાલકો અટવાયા હતા.

## ગર્ભ પરિક્ષણ કરતા ઝડપાયેલા તબીબ અને બે દલાલની જામીન અરજી ખારીજ

ખેડબ્રહ્મા, તા. ૨૨ રાજસ્થાનની પીસીપીએન ડીટી અને ક્રાઈમ બ્રાન્ચની ચાર ટીમોએ ગત ૧૩ ઓક્ટોબરે ગર્ભ પરિક્ષણ કરતા ઝડપાયેલા ખેડબ્રહ્માની પ્રગતિ હોસ્પિટલના તબીબ અને બે દલાલોની જામીન અરજી શુક્રવારના રોજ જિલ્લા અને સત્ર ન્યાયાધીશે ખારીજ કરી દીધી હતી. અત્રે નોંધવું જરૂરી છે કે ૧૩ ઓક્ટોબરના રોજ રાજસ્થાનની આ ટીમે ૭૨ કલાકની વોચ રાખી આ ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્માની પ્રગતિ હોસ્પિટલના ડૉ. ગણેશભાઈ પટેલ તથા જાલોરના રહીશ મદનલાલ ગણેશભાઈ માળી તથા આહોર તાલુકાના કવરાડા ગામના રહીશ ભંવરસિંહ મુળસિંહને ગર્ભપરિક્ષણના આરોપસર ધરપકડ કરી હતી અને ૧૫ ઓક્ટોબરના રોજ ન્યાયાલયમાં રજુ કરવામાં આવતાં ન્યાયાધીશે જેલમાં મોકલી આપવાનો હૂકમ કર્યો હતો. શુક્રવારના રોજ ત્રણે આરોપીઓએ જિલ્લા ન્યાયાલયમાં જામીન અરજી રજુ કરતા ન્યાયાધીશ કે.સી. નહારે જામીન અરજી ખારીજ કરી દીધી હતી.

## જિલ્લા આયોજન સમિતિની ચૂંટણી યોજાઈ

**શહેર વિસ્તારની ત્રણેય બેઠકોમાં ભાજપનો વિજય**
**પ્રાંતિજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈનો સૌથી વધુ મતોથી વિજય**

પ્રાંતિજ, તા. ૨૩ આયોજન સમિતિ મંડળની ચૂંટણી યોજવામાં આવી હતી જેમા શહેર વિસ્તારની ૩ બેઠકો માટે ૬ નગરપાલિકામાંથી છ સભ્યોએ ઉમેદવારી કરી હતી જેમાં શહેરી વિસ્તારની ત્રણેય બેઠકોમાં ચૂંટણી બાદ પરિણામ આવતાં ત્રણેય બેઠકો ઉપર ભાજપનો જંગી મંતોથી વિજય થયો છે.

જિલ્લા આયોજન મંડળની ચૂંટણીઓમાં નગરપાલિકા વિસ્તારના ત્રણ સભ્યો માટેની ચૂંટણી યોજવામાં આવી હતી જેમાં ખેડબ્રહ્મા, ઈડર, વડાલી, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ નગરપાલિકાના કોર્પોરેટરોએ મતદાન કર્યું હતું જયારે મત ગણતરી આયોજન સમિતિની કચેરી ખાતે ચૂંટણી અધિકારી એસ.ડી.ધાનાણીની ઉપસ્થિતિમાં થતાં શહેરી વિસ્તારની ૩ બેઠકોમાં ભાજપનો ભારે મતોથી વિજય થયો હતો જેમા અરવિંદભાઈ કાલીદાસ પરમાર પ્રાંતિજ નગરપાલિકા પૂર્વ પ્રમુખનો ૧૪૭ મતોથી ભવ્ય વિજય થયો હતો જયારે બ્રહ્મભટ્ટ જિગ્નેશભાઈ ચંદુલાલ ખેડબ્રહ્મા તથા જાડેજા કુલદીપસિંહ મહીપતસિંહ ત્રણેયનો વિજય થતાં ભાજપ કાર્યકરો તથા આગેવાનોમાં જીતનો માહોલ જોવા મલ્યો હતો.

## પ્રાંતિજના બે યુવાનો અને વિસનગરના એક યુવાન સાથે એજન્ટ દ્વારા છેતરપીંડી

**દુબઈમાં એરપોર્ટ ઉપર ફુડ પેકેજનું પેકિંગ કામ આપવાને બહાને ત્રણેય ઈસમો સાથે ઠગાઈ થતાં પોલીસ ફરીયાદ થઈ : ત્રણેય યુવાનો દુબઈમાં રખડી પડ્યા : ભુખ્યાં તરસ્યા બગીચામાં ૧૬ દિવસ વિતાવ્યા**

પ્રાંતિજ, તા. ૨૨ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બે યુવાનો અને વિસનગર તાલુકાના સવાલા ગામના એક યુવક સાથે દુબઈમાં એરપોર્ટ ઉપર ફુડ પેકિંગ કામ આપવાને બહાને હિંમતનગરના એજન્ટ દ્વારા ઠગાઈ થતાં પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં હિંમતનગરના એજન્ટ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ થઈ છે.

પ્રાંતિજના બે યુવાન અબ્દુર રહેમાન અબ્દુલ હકીમ મારફતિયા અને મોહમ્મદ ફારૂક મોહમ્મદ ઉમર ઉદણવાલા અને વિસનગરના સવાલા ગામનો યુવાન અજહરઉદ્દી અખ્ત્યારખાન ચૌહાણ ત્રણેય યુવાનોને હિંમતનગરના એજન્ટ ઝુબેર ડાન્ગા દ્વારા દુબઈમાં એરપોર્ટ ઉપર ફુડપેકિંગ કામ આપવાના બહાને તેમણે દુબઈ લઈ ગયો હતો અને એરપોર્ટ ઉપર ઉતરાયા બાદ ત્રણેય યુવકોને કહેવા મુજબ કામ આપવામા આવ્યુ ન હતું જેમા પહેલાં દિવસે ટાયર બનાવતી કંપનીમાં કામ માટે લઈ જવામાં આવ્યા હતા અને બીજા દિવસે બેકરીમાં કામ આપ્યું અને તમણે કામ આવડતું નથી તેમ કહીને હાથ અદ્ધર કરી દીધાં હતાં ત્યારે અજાણ્યા દેશમાં ત્રણેય યુવાનો રખડતાં થઈ ગયા હતાં અને ભુખ્યાં તરસૈયા બગીચામાં ૧૬ દિવસ પડી રહેતાં હતાં ત્યારે તેમણે સાબરકાંઠા જિલ્લાના અને પ્રાંતિજના જ રહિશ રઈશભાઈ કસ્બાતી તેમણે દુબઈ ખાતે મળી ગયાં ત્યારે તેવોએ આખી ધટના કહી અને અમને પાછા ઈન્ડીયા લઈ જવા માટે તેવોની મદત માંગી હતી ત્યારે પ્રાંતિજના રહિશ રઈશભાઈ કસ્બાતીએ તેમણે જમાડી તેમણે ઈન્ડિયા પરત આવવા માટેની ત્રણેયની ટીકીટની વ્યવસ્થા કરી આપી હતી અને ત્રણેય જણાં પરત ઈન્ડિયા આવી ગયા હતાં ત્યારે એજન્ટનો સંપર્ક કરતાં એજન્ટે પોતે કાચંડાની જેમ રંગ બદલતા અને ત્રણેય યુવકોને સંતોષકારક જવાબ ના મળતાં ત્રણેય યુવાનો દ્વારા એજન્ટને આપેલ કુલ-૩ લાખ રકમ સહિતનો ખર્ચની માંગણી કરતા ના પાડતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં હિંમતનગરના એજન્ટ વિરૂદ્ધ પોલિસ ફરીયાદ કરવામાં આવી છે ત્યારે આવા એજન્ટો સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે ત્યારે જોવાનું એ રહ્યું કે શું આવા એજન્ટો સામે કાર્યવાહી હાથ ધરાશે કે કેમ અને આ ત્રણેય ગરીબ યુવાનોને તેમની રકમ પાછી મળશે કે કેમ ?

## પાલનપુર આરટીઓ તંત્ર ખાનગી એજન્સીના ભરોસે

પાલનપુર, તા. ૨૩ તમે જો ભારત સરકાર પાસે વિદેશ જવા પાસપોર્ટની માંગણી કરો તો માત્ર ૧૫ દિવસમાં પાસપોર્ટ તમારા હાથમાં હશે પરંતુ તમે જો નવું વાહન ખરીદ્યુ હોય તો તેની આરસી બુક લેવી હોય તો ૧૦૦ દિવસ સુધી પાલનપુર આરટીઓ કચેરીમાં ધક્કા ખાવા પડશે. જી હા, છેલ્લા ત્રણ માસથી પાલનપુરમાં આ આરટીઓ કચેરીમાં વાહનોની આરસી બુક આપવાની કામ કરતી ખાનગી એજન્સીના સંચાલકની બેદરકારી અને ટેકનીકલ ખામીના લીધે બનાસકાંઠા જિલ્લાના સાત હજારથી વધુ વાહનચાલકો આજે પણ આરસી બુકથી વંચિત હોવાના લીધે ફરિયાદો ઉઠવા પામી છે. છેલ્લા કેટલાય સમયથી જિલ્લા મથક ખાતે આવેલ આરટીઓ કચેરી ખાતે વાહન ચાલકો દૂર દૂરથી આરસી બુક માટે રોજે રોજ ધક્કા ખાવા પડે છે.

ખાનગી એજન્સીના સંચાલકે સમયસર વાહનોના ડેટા અપડેટ ન થવાના લીધે આરસી બુક આપવામાં વિલંબ થયો હોવાનો પણ સ્વીકાર કર્યો હતો. તો બીજી તરફ આરટીઓ કચેરીના આસિસ્ટન્ટ ઈન્ચાર્જ આરટીઓ વી.ડી. આસલે મીડિયા સાથેની વાતચીતમાં સ્વીકાર કરતા જણાવ્યું હતું કે જિલ્લામાં સાત હજાર જેટલી આરસી બુક વાહન ચાલકોને બાકી હોવાની ફરિયાદને લઈને ખાનગી એજન્સીની કામની બેદરકારી બદલ બે વખત નોટીસ પણ આપવામાં આવી છે તેમજ આ બાબતે આરટીઓ કમિશનરને લેખિતમાં ફરિયાદ પણ કરવામાં આવી છે. અને એક માસમા વાહનચાલકોને આરસી બુક આપી દેવા ખાનગી એજન્સીને સૂચના પણ આપી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેટલાક વાહનચાલકો આરટીઓમાં માન્ય નંબર પ્લેટ ન લાગવાના લીધે સોફ્ટવેરમાં પોસ્ટ એડ્રેસની ખામીના લીધે પણ આરસી બુક વિલંબ થયો હોવાનો સ્વીકાર કર્યો હતો.




સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગર ખાતે શહીદના સંભારણા અંતર્ગત શુકવારે સવારે હેડ ક્વાર્ટસ ખાતે જીલ્લાના બે શહીદોને જીલ્લા પોલીસ વડા અને અધિકારીઓએ શ્રદ્ધાંજલી અર્પી હતી ત્યારબાદ રાત્રે શહીદોનો વંદન કાર્યક્રમ યોજાયો હતો જેમાં બે શહીદ પરિવારોને જીલ્લા પોલીસ વડા પ્રવીણ માલ, જીલ્લા કલેક્ટર પી.સ્વરૂપ અને પાલિકા પ્રમુખ નીલાબેન પટેલ શાલ ઓઢાડી અને સન્માન પત્ર આપી સન્માન કર્યુ હતું તો ઉરીમાં શહીદ થયેલા જવાનોને પણ શ્રદ્ધાંજલી અર્પી હતી. બીજી તરફ દેશની સરહદે દુશ્મનો સાથે કેવી પરિસ્થિતિમાં લડાઈ કરે છે અને આંતંકવાદીઓને કેવી રીતે પરાસ્ત કરે છે તેવા દર્શ્યો સાથેના દિલધડક નાટક પણ રજુ કરાયા હતા. આ અંગે જીલ્લા કલેકટર અને જીલ્લા પોલીસવડાએ વાત કરી હતી કે જીલ્લામાં અગામી દિવસોમાં આર્મીની ભરતી યોજાનાર છે તેમાં જીલ્લાના યુવાનો વધુ ભાગ લે અને ભારતમાતાની સેવા કરે તે ભાવના કેળવાય અને ગામડે ગામડે સુધી આ સંદેશો પહોચે જેના કારણે જીલ્લાના આ બે શહીદોને સાચી શ્રદ્ધાંજલી કહેવાશે.